# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબરઃ ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીએમ-उषा PM-USHA

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## અગત્યનો પરિપત્ર

**વિષયઃ પદવીદાન સમારંભમાં ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનાર તમામ વિદ્યાર્થીઓએ ખાદીનાપોષાકમાં હાજરી આપવા બાબત.**

આગામી ડિસેમ્બર-૨૦૨૪માં ૬૭મો વાર્ષિક પદવીદાન સમારંભ **તારીખ : ૧૫/૧૨/૨૦૨૪ના** રોજ યોજાઇ રહ્યો છે. તેમજ દેશની આઝાદીને ૭૫ વર્ષ પુર્ણ થયેલ હોઇ, તેમજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતીને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા **"સરદાર સાગાઃ સરદાર ૧૫૦"** હેઠળ ઉજવવામાં આવનાર હોઇ ચાલુ વર્ષે પદવીદાન સમારંભમાં તમામ ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓએ ખાદીને પ્રોત્સાહન મળે તે ઉદ્દેશ્યથી ખાદીના પોષાકમાં હાજર રહે તેવું નક્કી કરવામાં આવ્યું છે. તથા તેઓને વિના મુલ્યે ખાદીના કાપડનું સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વિતરણ કરવામાં આવશે.

૧. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે ટોપ/ઝભ્ભો (૩મીટર)
૨. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે લેંઘો(૨.૫ મીટર)

ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનારા તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ ખાદીનું કાપડ યુનિવર્સિટીના સ્ટોર વિભાગ (રૂમ નંબરઃ ૧૦૮) માંથી **તારીખઃ ૨૫/૧૧/૨૦૨૪થી ૩૦/૧૧/૨૦૨૪ સુધીમાં મેળવી લેવાનું રહેશે.** સદર પોષાક માટેનો સીલાઇ ખર્ચ સ્વખર્ચે ભોગવાનો રહેશે. આ બાબતને સિન્ડિકેટ સભા તારીખઃ ૦૬/૧૦/૨૦૨૨ની કાર્યનોંધમાં મંજૂર થયા મુજબ ખાદીના યુનિફોર્મ પહેરીને (ભારતીય વેશ/પોષાક મુજબ)તારીખઃ ૧૫/૧૨/૨૦૨૪ના રોજપદવીદાન સમારંભમાં હાજરી આપવાની રહેશે.

**ખાસ અગત્યની નોંધ : ખાદીનો ઝભ્ભો, સ્ટેન પટ્ટી કોલર તથા લાંબી સ્લીવ (લાંબી બાહી) સાથેનો બનાવવો.**

નંબરઃ ઈ-૩/૨૦૪૯
તારીખઃ ૨૨/૧૧/૨૦૨૪
વલ્લભ વિદ્યાનગર

નાયબ કુલસચિવ

સવિનય નકલ રવાનાઃ

(૧) યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ/કોલેજનાં આચાર્યશ્રીઓને/ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓ તરફ વિદ્યાર્થીઓને જરૂરી જાણ કરવા સારૂ.
(૨) વડાશ્રી, હિસાબ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૩) વડાશ્રી, સ્ટોર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૪) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.
(૫) કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.